# ડાયનાફ્લેક્સ કંપની હાલોલમાં વિસ્તરણ કરશે

વડોદરા. 'હાલ કાગળ કે કાપડના કવરમાં પેક કરાયેલ અભ્યાસના પ્રશ્નપત્રો સહિતનાં અગત્યના ડોક્યુમેન્ટ્સ લીક થવાની ઘટના વધી રહી છે ત્યારે હાઈ સિક્યુરિટી ટેમ્પર એવિડન્ટ એન્વેલપ તેનું ઉત્તમ સોલ્યૂશન સાબિત થઈ શકે તેમ છે.' તેમ પત્રકાર પરિષદમાં ડાયનાફ્લેક્સના ચેરમેન અને એમડી નિરંજન વોરાએ કહ્યું હતું કે, 'જેમ જેમ લોજિસ્ટિક્સ ઉદ્યોગનો વિકાસ થઈ રહ્યો છે તેમ સ્ટાન્ડર્ડ પેકેજિંગ અને લેબલિંગની માગ વધી રહી છે. તેને પહોંચી વળવા ડાયનાફ્લેક્સ પ્રા.લિ. દ્વારા હાલોલ ખાતેના પ્લાન્ટનું ૩૦ લાખ ડોલરના ખર્ચે વિસ્તરણનું આયોજન કરી રહી છે.